INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org • E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૩૦-૦૮-૨૦૨૨

- **'બેટી બચાવો બેટી પઢાવો' માટેના છેલ્લા પાંચ વર્ષમાં ૬૭ ટકા નાણાં વણવપરાયેલા.**
- **કન્યા કેળવણીમાં ભાજપ સરકારની ઉદાસીનતાને લીધે ધોરણ-૧૦માં પ્રવેશ મેળવતી કન્યાઓની સંખ્યામાં ૧.૫ લાખનો ઘટાડો નોંધાયો.**

'બેટી બચાવો બેટી પઢાવો'ની મોટી મોટી જાહેરાતો કરતી ભાજપ સરકારમાં કન્યા શિક્ષણમાં ધોરણ-૧૦ પછી સતત ઘટાડો જોવા મળી રહ્યો છે જે ગુજરાત માટે ચિંતાનો વિષય છે. છેલ્લા પાંચ વર્ષમાં 'બેટી બચાવો બેટી પઢાવો' હેઠળ ગુજરાતને ફાળવેલ નાણાંમાંથી ૬૭ ટકા નાણાં વણવપરાયેલા છે. ભાજપ સરકારની કન્યા કેળવણી માટેના ખોખલા દાવાની પોલ ખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં બેટી બચાવો બેટી પઢાવો માટે છેલ્લા પાંચ વર્ષમાં ૧૯૯૦.૩૭ લાખ ફાળવવામાં આવ્યા હતા જેમાંથી માત્ર ૬૯૯.૩૧ લાખ નાણાંનો ઉપયોગ થયો છે જ્યારે પાંચ વર્ષમાં ૧૨૫૧.૦૬ લાખ જેટલા જંગી નાણાં વણવપરાયેલા છે. જે બાબત સ્વયંમ સ્પષ્ટ કરે છે કે, ગુજરાતમાં ભાજપ સરકાર કન્યા શિક્ષણ આપવામાં ઉણી ઉતરી રહી છે. ગુજરાતમાં ૧૦માં ધોરણના એનરોલમેન્ટની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

વર્ષ ૨૦૧૪-૧૫માં ધોરણ ૧૦માં દાખલ થનાર કન્યાઓની સંખ્યા ૪૯,૩૯,૯૮૩ હતી જે વર્ષ ૨૦૨૦-૨૧માં ૪૭,૮૯,૩૭૨ થઈ એટલે કે વર્ષ ૨૦૧૪-૧૫ ના આધારે ૧.૫ લાખ જેટલી કન્યાઓ ધોરણ-૧૦ માં દાખલ થવાનો ઘટાડો સ્પષ્ટ જોવા મળે છે. પ્રવેશોત્સવ, ગુણોત્સવના નામે કરોડો રૂપિયાના ઉત્સવો પાછળ બેફામ નાણાં ઉડાવતી ભાજપ સરકાર ૬૦૦૦ શાળાઓને તાળા મારવાનું પાપ કરી રહી છે. જેની સૌથી વધુ અસર કન્યા શિક્ષણ પર સીધી પડશે. કન્યાઓનું એસ.એસ.સી.માં દાખલ થવાના ઘટાડા પાછળ રાજ્ય સરકારની કન્યા કેળવણી પ્રત્યેની ઉદાસીનતા સરકારી - ગ્રાન્ટેડ શાળાઓમાં ઘટાડો, શાળા બંધ કરવાની નીતિ, ગ્રામ્ય વિસ્તારમાં એસ.ટી. બસોના રૂટનો અભાવ અને પરિવારોની આર્થિક નબળી સ્થિતી બીજીબાજુ સરકાર તરફથી કન્યા કેળવણી માટેનો પ્રોત્સાહનનો અભાવ, દિકરીઓના શિક્ષણ પર ગંભિર અસર કરી રહ્યું છે. વિકાસના બણગા ફુકતી અને બેટી બચાવો બેટી પઢાવોના સુત્રો પોકારતી જાહેરાતોમાં વ્યસ્ત ભાજપ સરકાર ગુજરાતની દિકરીઓને શિક્ષણથી વંચિત કેમ રાખી રહી છે ? તેનો જવાબ આપે.

| વર્ષ | એનરોલમેન્ટ |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૪૯૩૯૯૮૩ |
| ૨૦૧૫-૧૬ | ૪૯૩૧૮૯૩ |
| ૨૦૧૬-૧૭ | ૪૯૨૫૪૩૯ |
| ૨૦૧૭-૧૮ | ૪૮૭૪૯૮૦ |
| ૨૦૧૮-૧૯ | ૪૮૨૮૨૬૯ |
| ૨૦૧૯-૨૦ | ૪૮૩૧૯૩૦ |
| ૨૦૨૦-૨૧ | ૪૭૮૯૩૭૨ |

| વર્ષ | મંજુર થયેલુ ફંડ (લાખમાં) | વપરાયેલુ ફંડ (લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨૦૫.૭૦ | ૦.૦૦ |
| ૨૦૧૬-૧૭ | ૨૦૫.૭૦ | ૩૮.૩૯ |
| ૨૦૧૭-૧૮ | ૨૮૦.૨૪ | ૮૧.૩૧ |
| ૨૦૧૮-૧૯ | ૫૮૮.૪૮ | ૧૫૬.૪૫ |
| ૨૦૧૯-૨૦ | ૭૧૦.૨૫ | ૪૨૩.૧૬ |
| કુલ | ૧૯૯૦.૩૭ | ૬૯૯.૩૧ |
| | | |

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા